7. The finding and in the case of a conviction a brief statement of the reasons there for-

(૦૭.૧) ફરિયાદપક્ષના કેસની તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપી વિરૂઘ્ધ ઉપરોકત ગુન્હા અંગેનું ચાર્જશીટ કરેલ અને આરોપી હાજર થતાં પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે મળ્યાની ખાત્રી કરી સમરી ફોર્મ આંક–૦ર થી પ્લી રેકર્ડ કરતાં આરોપીએ સ્વૈચ્છિક રીતે રાજીખુશીથી ગુન્હાની કબુલાત કરેલ તેમજ આંક–૦૩ થી અલગ કબુલાત પુરસીસ પણ આપીને તેમને ઓછામાં ઓછી સજા અને દંડ કરવા માટે પોતાને પુરતા અને વ્યાજબી કારણ હોવાનું જણાવે છે. **આરોપી એ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણાવવા છતા અને સમજાવવા છતાં પણ આરોપી સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરતા હોય, કબુલાત પુરસીસ દાખલ કરવામાં આવી.**

(૦૭.ર) આરોપી સામે પ્રોહીબીશન ધારાની કલમ ૬૬(૧)(બી)મુજબના ગુન્હાનું તહોમત છે તેમજ આરોપીની આંક–૦૩ ની કબુલાત પુરસીસ વંચાણે લેતા તેમાં જણાવેલા કારણો ઘ્યાને લેતા આરોપી ગરીબ/મઘ્યમ વર્ગનો માણસ જણાય છે તેમજ કુટુંબમાં એકમાત્ર કમાનાર સભ્ય છે. બાળ બચ્ચાવાળો માણસ છે. ગરીબ સ્થિતિને લીધે બચાવ કરવા સક્ષમ નથી તેમજ ગુન્હો કર્યાનો અફસોસ વ્યકત કરે છે અને ભવિષ્યમાં બીજો ગુન્હો નહી કરવાની ખાત્રી આપે છે તેમજ તેનો આ પ્રથમ ગુન્હો હોવાનું જણાય છે.

(૦૭.૩) આરોપી સામે પ્રોહી એકટની કમલ ૬૬(૧)(બી) મુજબનો ગુન્હો કર્યાનો આરોપ છે. આ કમલ માં કાયદા એ કોઈ ન્યુનતમ સજાની જોગવાઈ કરવામાં આવી નથી. આરોપીની સ્થિતિ અને સંજોગોને ઘ્યાને લઈ જો ઓછી સજા અને દંડ કરવામાં આવે તો સમાજમાં માન મોભા ભર્યા સ્થાનથી જીવી શકે તેવા પ્રયત્નો કરી શકે તેમ છે, તે સંજોગોમાં ઓછામાં ઓછી સજા અને દંડ કરવો ન્યાયોચિત માની સજા અંગે આરોપીને સાંભળ્યા બાદ ન્યાયના હિતમાં કોલમ નંબર – ૮ માં નીચે મુજબનો

હુકમ કરવામાં આવે છે.

8. Sentence or Final order-

(૦૮.૧) આ કામના આરોપી ઈકબાલ મચુદીન મલેક , હાલ રહે– રાજકોટવાળાને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૨ અન્વયે પ્રોહિબીશન એકટની કલમ– ૬૬(૧)(બી) અંગેના ગુના સબબ દંડ રૂ.૧૦૦/– પુરા ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડની રકમ ન ભરે તો દિન–૦૫ (પાંચ)ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૦૮.૨) ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૬૩ (૧) અન્વયે આરોપીને સદરહુ ચુકાદાની એક નકલ વિના મૂલ્યે આપવી.

9. Date on which the proceedings terminated-:

ઉપરોકત હુકમ આજરોજ તારીખ : ૦૮ માંહે : ફેબ્રુઆરી , સને : ૨૦૨૦ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

10. Remarks-

તારીખ : ૦૮/૦૨ /૨૦૨૦
સ્થળ : રાજકોટ

**(વી.પી.મેહતા)**
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ(રેલ્વે),
રાજકોટ
**U.I.C. NO. GJ01538**